<u>ચાલુ બાબત ૨૦૨૩-૨૪</u>

મહિલા અને બાળ વિકાસ વિભાગ હસ્તકની સંકલિત બાળ વિકાસ સેવા યોજના ની રૂ.૧૦૦ કરોડથી ઓછી રકમની ચાલુ બાબતોને વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર,

મહિલા અને બાળ વિકાસ વિભાગ,

File No.- WCDD/IMR/e-file/23/2022/1116/B (ICDS)

સચિવાલય, ગાંધીનગર.

ઠરાવ :-

મહિલા અને બાળ વિકાસ વિભાગ હસ્તકની સંકલિત બાળ વિકાસ સેવા યોજના (આઇ.સી.ડી.એસ.)ની યોજનાકીય બાબતો અંગે વર્ષ ૨૦૨૩-૨૪ ના અંદાજપત્રમાં માંગણી ક્રમાંક- ૯૫, ૯૬ અને ૧૦૬ હેઠળ વિભાગ-૨, ચાલુ બાબત, મહેસૂલ/મૂડી સદરે, ભારત સરકાર અને રાજ્ય સરકારના ફાળા પેટે રૂ.૧૦૦ કરોડથી ઓછી રકમની આ સાથે બિડેલ પરિશિષ્ટ-૧ મુજબની કુલ-(૨૨) ચાલુ બાબતો માટે કુલ રૂ. ૬૮,૭૫૮.૬૭ લાખ ની કરવામાં આવેલ બજેટ જોગવાઇમાંથી ખર્ચ કરવાની આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

આ અંગેનો ખર્ચ સામેલ પરિશિષ્ટમાં દર્શાવ્યા મુજબ જે તે અંદાજપત્રીય સદરની બજેટ જોગવાઇની મર્યાદામાં નીચે દર્શાવેલ શરતોને આધીન કરવાનો રહેશે.

<u>શરતો:</u>

(૧) આઇ.ટી.સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજીવિભાગની વખતોવખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨) ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા ખરીદ પધ્ધતિ મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ તથા ત્યારબાદના વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૩) આઇ.ટી. હાર્ડવેર ખરેખર મળવાપાત્ર અધિકારી/ કર્મચારીની ભરાયેલ જગ્યા પુરતુ જ મેળવવાનું રહેશે. તેથી વધુ સાધનો વસાવવામાં આવશે અને તે બિન ઉપયોગી રહેશે તો તેની જવાબદારી સંબંધિત વિભાગની થશે.

(૪) નવા સાધનોની ખરીદી કરતા સમયે જે તે જગ્યાઓના બિનવપરાશના સાધનોનો રાજ્યસરકારશ્રીની પ્રવર્તમાન નીતિ મુજબ નિકાલ ઝુંબેશના સ્વરૂપે કરવાનો રહેશે. જેથી બિનવપરાશપાત્ર સાધનોની પ્રતિદિન ઘટતી જતી કિંમતો અને રોકાતી જગ્યાના અનુસંધાને ઉચિત કાર્યવાહી થઇ શકે.

(૫) ખરીદીના વિકલ્પે Rental Model, PPP ધોરણે કે Outsourcing થી Operation and Maintenance, કે અન્ય Hybrid model થી કામગીરી લઇ શકાય તેમ હોય તો તેનો તુલનાત્મક અભ્યાસ કરી યોગ્ય વિકલ્પ મુજબ કામગીરી લેવાની રહેશે. (વિકલ્પ લાગુ પડતો હોય ત્યા શરત સામેલ કરવી)

(૬) બાંધકામના કામોમાં P.W.D. મેન્યુઅલની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

(૭) આ કામ માટે જમીન સંપાદન કરવાની જરૂરીયાત હોય તેવા સંજોગોમાં જમીન સંપાદન અંગેની કાર્યવાહી વિભાગ કક્ષાએ સત્વરે પૂર્ણ કરાવી લેવાની રહેશે અને જમીન સંપાદન અંગેની કામગીરી પૂર્ણ કર્યા બાદ જ વર્ક ઓર્ડર આપવાના રહેશે.

(૮) રેલ્વે, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની મંજૂરી કે જમીન સંપાદનની આવશ્યકતા જણાતી હોય તો આવી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે. આવા જરૂરી કલીયરન્સ મેળવવામાં જો વિલંબ થવાનું જણાય તો વર્કઓર્ડર આપતાં પહેલાં જરૂરી ચોકસાઈ કરી લેવાની રહેશે.

(૯) જમીન સંપાદન/ પુન: સ્થાપન કે પુન: વસન વિ. કામગીરી પ્રોજેક્ટની સમયમર્યાદાને અસર ન કરે તે રીતે પૂર્ણ કરવાના રહેશે.

(૧૦) સદર બાંધકામ અંગેની કામગીરી પ્રોજેક્ટને અસર ન થાયે તે રીતે નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે.આ બાંધકામ અંગે જો કોઈ લીટીગેશન , પબ્લિક કોર્ટ કેસ પડતર હોય તો પ્રોજેક્ટને અસર ન થાય તે રીતે નિયત સમયમર્યાદામાં યોગ્ય નિકાલ કરવાનો રહેશે.

(૧૧) આ યોજના ની અમલવારી અર્થે કોઇ અન્ય વિભાગ સાથેના Linkagesની કામગીરી પ્રોજેક્ટની સમયમર્યાદાને અસર ન કરે તે રીતે પૂર્ણ કરવાના રહેશે

(૧૨) આ કામની ડિઝાઈન તૈયાર કરતી વખતે અને યોજનાનાં અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે

(૧૩) મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે.

(૧૪) બાંધકામ અંગેની કામગીરી સંદર્ભે સરકારશ્રીની મંજૂરીથી જો કોઈ અલાયદા એકમને બાંધકામની જવાબદારી સોંપવામાં આવી હોય તે સિવાયના બાંધકામના તમામ કિસ્સાઓમાં રાજય સરકારના માર્ગ અને મકાન વિભાગ મારફત જ કામગીરી કરાવવાની રહેશે.

(૧૫) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ સને ૨૦૨૩-૨૪ ના નાણાકીય વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૧૬) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૧૭) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૧૮) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિંધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.

(૧૯) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

(૨૦) Social Audit અને Third party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.

(૨૧) સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

(૨૨) C.M Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.

(૨૩) યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

(૨૪) આ યોજનાનો ખર્ચ તા. ૦૧.૦૪.૨૦૨૩ થી કરવાનો રહેશે.

(૨૫) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં સલાહકારશ્રીની તા.૦૪-૦૪-૨૦૨૩ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સતિષ પટેલ)

સેક્શન અધિકારી

મહિલા અને બાળ વિકાસ વિભાગ

બિડાણ :- પરિશિષ્ટ-૧

પ્રતિ,

(૧) માન. મુખ્ય મંત્રીશ્રીના ખાસ ફરજ પરના અધિકારીશ્રી, સચિવાલય, ગાંધીનગર

(૨) માન. મંત્રીશ્રી(મ.બા.ક.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

(૩) માન. મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

(૪) અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૫) સચિવશ્રી (આ.બા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૬) સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૭) સચિવશ્રી(આયોજન)ના નાયબ સચિવ,સામાન્ય વહીવટ વિભાગ,સચિવાલય, ગાંધીનગર

(૮) સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

(૯) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૧૦) નિયામકશ્રી(આઇસીડીએસ) , કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૧૧) સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ. ....................

(૧૨) સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન, જિ. .......................

(૧૩) વિભાગીય નાયબ નિયામકશ્રી (આઇસીડીએસ) અમદાવાદ/વડોદરા/સુરત/રાજકોટ

(૧૪) સર્વે પ્રોગ્રામ અધિકારીશ્રી (આઇસીડીએસ), જિલ્લા પંચાયત કચેરી, જિ. ...................

(૧૫) સર્વે પ્રોગ્રામ અધિકારીશ્રી (આઇસીડીએસ), મ્યુનિસિપલ કોર્પોરેશન, મ્યુ.કો. ...................

(૧૬) નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૧૭) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ

(૧૮) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર

(૧૯) સિસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, - વેબસાઇટ ઉપર મુકવા સારૂ.

(૨૦) સિલેક્ટ ફાઇલ

<u>પરિશિષ્ટ-૧</u>

મહિલા અને બાળ વિકાસ વિભાગના તા. ૦૫-૦૪-૨૦૨૩ ના ઠરાવ ક્ર.WCDD/IMR/e-file/23/2022/1116/B (ICDS) સાથેનું બિડાણ.

વર્ષ ૨૦૨૩-૨૪ ના અંદાજપત્રમાં સમાવિષ્ઠ રૂ.૧૦૦ કરોડથી ઓછી રકમની ચાલુ બાબતો

(Rs. In lakhs)

| Sr. No | Budget Head No. | Budget Head Name | Amount approved for the financial year 2023-24 |
|---|---|---|---|
| | **95-2235** | | |
| 1 | 95-2235-02-789-04 | NTR-3, ICDS Special Nutrition Programme (50% Central) | 2777.65 |
| 2 | 95-2235-02-789-05 | NTR-3, ICDS Special Nutrition Programme (50% State) | 2777.65 |
| | **95-2236** | | |
| 3 | 95-2236-02-789-03 | NTR-18, Integrated Child Development Scheme – Honorarium (60% Central) | 1771.96 |
| 4 | 95-2236-02-789-04 | NTR-18, Integrated Child Development Scheme – Honorarium (40% State) | 1181.30 |
| | **96-2236** | | |
| 5 | 96-2236-02-796-15 | NTR-16, State Contingency Expenditure (100% State) | 572.83 |
| 6 | 96-2236-02-796-16 | Introduction of ICDS Scheme- Honorarium, Logistics etc. (60% Central) | 7436.09 |
| 7 | 96-2236-02-796-17 | Introduction of ICDS Scheme- Honorarium, Logistics etc. (40% State) | 4957.40 |
| 8 | 96-2236-02-796-18 | NTR-16, Introduction of ICDS Scheme Pay & Allowances (25% Central) | 1184.64 |
| 9 | 96-2236-02-796-19 | NTR-16, Introduction of ICDS Scheme Pay & Allowances (75% State) | 3553.87 |
| | **106-2236** | | |
| 10 | 106-2236-02-101-05 | National Nutrition Mission (80% Central) | 6875.27 |
| 11 | 106-2236-02-101-06 | National Nutrition Mission (20% State | 3500.00 |
| 12 | 106-2236-02-101-11 | ICDS Training Programme (UDISHA Project) (60% Central) | 1.00 |
| 13 | 106-2236-02-101-12 | ICDS Training Programme (UDISHA Project) (40% State) | 1.00 |
| 14 | 106-2236-02-101-18 | NTR-11, Mata Yasoda Award Plan (100% State) | 196.51 |
| 15 | 106-2236-02-101-19 | NTR-12, Strengthening of ICDS Scheme (100% State) | 3089.88 |
| 16 | 106-2236-02-101-20 | NTR-19, Poshan Survey and Surveillance System (100% State) | 50.00 |
| 17 | 106-2236-02-101-21 | NTR-21, Biometric Infrastructure (100% State) | 574.96 |
| 18 | 106-2236-02-101-22 | Mission Balam Shukham-ICDS Mission (100% State) | 9600.00 |
| 19 | 106-2236-80-001-01 | NTR-18, Pay & Allowances, POL etc. (100% State) | 5000.00 |
| 20 | 106-2236-80-001-03 | NTR-18, Integrated Child Development Scheme - Pay & Allowance (25% Central) | 3195.44 |
| 21 | 106-2236-80-001-04 | NTR-18, Integrated Child Development Scheme - Pay & Allowance (75% State) | 9586.22 |
| | **106-4236** | | |
| 22 | 106-4236-02-800-04 | NTR-22, Construction - Repairing & Upgradation of Block Office (100% State) | 875.00 |
| | | Total | 68758.67 |

(સતિષ પટેલ)

સેક્શન અધિકારી

મહિલા અને બાળ વિકાસ વિભાગ

Signature Not Verified
Signed by: Satish Patel
Section Officer
Date: 2023.04.10
15:57:12 +05:30



*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*